# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31/03/2026** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વાવ-થરાદમાં 19 હજાર 800 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.**
2. **પ્રધાનમંત્રી અમદાવાદના સાણંદમાં કૅન્સ સેમિ-કન્ડક્ટર OSAT ફૅસેલિટી પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે.**
3. **રાજ્ય સરકારે કુવારા અને ટપક પદ્ધતિમાં સબસિડી વધારવા તથા ખેડૂતોને RTO પાસિંગમાંથી મુક્તિ આપવા સૈદ્ધાંતિક મંજૂરી આપી.**
4. **ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં છૂટાછવાયા સ્થળ પર આજે હળવાથી મધ્યમ વરસાદની આગાહી.**
5. **IPL ક્રિકેટમાં ગુજરાત જાયન્ટ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે આજે ન્યૂ ચંદીગઢમાં મુકાબલો.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# PM GUJARAT VISIT TODAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે એક દિવસ રાજ્યના પ્રવાસે આવશે. તેઓ વાવ-થરાદ જિલ્લામાં અંદાજે 19 હજાર 800 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. ગાંધીનગરમાં આ અંગે માહિતી આપતા રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જિતુ વાઘાણીએ કહ્યું, સવારે અમદાવાદ વિમાનમથક ખાતે પ્રધાનમંત્રીનું આગમન થશે. ત્યારબાદ તેઓ કોબા ખાતે 'સમ્રાટ સંપ્રતિ મ્યૂઝિયમ'નું ઉદ્ઘાટન કરશે. તેમજ બપોરે શ્રી મોદી સાણંદમાં 'કૅન્સ સેમિ-કન્ડક્ટર OSAT ફૅસેલિટી પ્લાન્ટ'નું ઉદ્ઘાટન કરશે.

શ્રી મોદી ઉર્જા, માર્ગ-પરિવહન અને રાજમાર્ગ તેમજ રેલવે મંત્રાલયના 10 હજાર 900 કરોડ રૂપિયાથી વધુના અને રાજ્ય સરકારના શહેરી વિભાગ હેઠળ પાંચ હજાર 200 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેઓ પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ અંતર્ગત રાજ્યના 34 જિલ્લામાં 38 હજાર 949 આવાસમાં નાગરિકોનો ગૃહપ્રવેશ પણ કરાવશે. આ અંગે કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે વધુ માહિતી આપી.

(BYTE: ASHWINI VAISHNAW, UNION MINISTER)

# VAGHANI KISHAN SANGH MEETING

રાજ્ય સરકારે ફુવારા અને ટપક પદ્ધતિમાં સબસિડી વધારવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. ગાંધીનગરમાં ભારતીય કિસાન સંઘ અને કિસાન મોરચા સાથે પરામર્શ કર્યા બાદ પત્રકારોને માહિતી આપતા કૃષિમંત્રી જિતુ વાઘાણીએ કહ્યું,

ટ્રેકટર-ટોલીના પાસિંગમાં ખેડૂતોને પડતી મુશ્કેલીમાં ત્રણથી પાંચ વર્ષ સુધી R.T.O પાર્સીંગમાંથી મુક્તિ આપવા પણ રાજ્ય સરકારે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. કિસાન સંઘની માગણી મુજબ, અંદાજે સાત કિલોમીટર સુધી તળાવ અને ડેમ તબક્કાવાર ભરાશે. તેમ પણ શ્રી વાઘાણીએ ઉમેર્યું...

(BYTE: JITU VAGHANI, AGRICULTURE MINISTER)

# GIR SOMNATH PETROL DIESEL

ગીર સોમનાથમાં કલેક્ટર એન. વી. ઉપાધ્યાયે જિલ્લામાં પેટ્રોલ, ડીઝલ અને રાંધણ ગેસની ઉપલબ્ધતાની સમીક્ષા કરી. વેરાવળ પ્રાન્ત કચેરી ખાતે યોજાયેલી બેઠકમાં તેમણે પેટ્રોલપમ્પ – ઑઇલ અને ગેસ કંપનીના પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરી હતી. કલેક્ટરશ્રીએ લોકોને અફવાઓથી ગેરમાર્ગે ન દોરાવવા અને બિન-જરૂરી સંગ્રહ ન કરવા પણ અપીલ કરી છે.

(BYTE: N. V. UPADHYAY, COLLECTOR, GIR SOMNATH)

# RAJKOT PETROL DIESEL COMMITTEE

રાજકોટ જિલ્લામાં પેટ્રોલ, ડીઝલ, રાંધણ ગેસ સહિતની આવશ્યક ચીજવસ્તુઓના પૂરવઠાના નિયંત્રણ માટે જિલ્લાકક્ષાની સમિતિ બનાવવામાં આવી છે. જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં યોજાયેલી આ સમિતિની બેઠકમાં જિલ્લામાં પેટ્રોલ, ડીઝલ, રાંધણ ગેસની સ્થિતિ સામાન્ય તેમજ પૂરતો બફર સ્ટોક હોવાનું ઑઈલ કંપનીઓ દ્વારા જણાવાયું હતું.

શ્રમિકોને પાંચ-પાંચ કિલોના રાંધણ ગેસના બાટલા ઉપલબ્ધ કરાવવા જિલ્લા વિકાસ અધિકારીને સૂચના અપાઈ છે. આ સાથે જ પેટ્રોલ, ડીઝલ, ગેસ વગેરેના કાળાબજાર કરનારા લોકો સામે સખત પગલાં લેવાશે તેમ પણ કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

# PORBANDAR MADHAVPUR MELO

પોરબંદરના સુપ્રસિદ્ધ માધવપુરમાં મોટી સંખ્યામાં ભક્તોની ઉપસ્થિતિમાં ભગવાન શ્રીકૃષ્ણ અને માતા રુક્ષ્મણીજીનાં લગ્નનો ભવ્ય પ્રસંગ ઉજવાયો. રુક્ષ્મણીજીના મંદિરે રાત્રિ રોકાણ કર્યા બાદ ભગવાન માધવરાયજી તેમના પત્ની રુક્ષ્મણીજીને લઈને આજે માધવરાયજીના મંદિર તરફ પ્રયાણ કરશે. તે સમયે આખું માધવપુર ગુલાલની છોળથી ઢંકાઈ જશે. આ સાથે જ માધવપુરનો આ લગ્નમેળો પૂર્ણ થશે. મેળામાં ભાગ લેનારાં વૃદ્ધિ સેવકે આ અંગે પ્રતિક્રિયા આપી.

(BYTE: VRUDDHI SEVAK, DEVOTEE)

# MSG BHADAR DAM GATE

મહીસાગરમાં ભાદર બંધના દરવાજાના સમારકામના કારણે ભાદર નદીમાં પાણી છોડવાનો નિર્ણય કરાયો છે. તેના કારણે લુણાવાડા, ખાનપુર અને વિરપુર તાલુકાના છ હજાર ખેડૂતોને સિંચાઈનો લાભ થશે.

(VOICECAST: KAUSHIK JOSHI)

# WEATHER FORECAST UPDATE

રાજ્યમાં આગામી પાંચ એપ્રિલ સુધી વાતાવરણમાં પલટો જોવા મળી શકે છે. હવામાન વિભાગના નિયામક ડૉક્ટર એ. કે. દાસે કહ્યું, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, અમદાવાદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં આજે છૂટાછવાયા સ્થળ પર હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AHMEDABAD)

# RAIN

અમરેલીના દામનગર અને લીલીયા તાલુકામાં વાતાવરણમાં પલટો આવતા વરસાદ થયાના અહેવાલ છે. દામનગરના ઠાસા, સુવાગઢ, ભદ્રવદર, મૂળીયાપાટ અને રાભડા, જ્યારે લીલીયા તાલુકાનાં એકલારા અને ઢાંગલા ગામમાં વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત, હરીપર ગામમાં કરા સાથે વરસાદ થયાના અહેવાલ છે.

# IPL CRICKET GUJ

ઇન્ડિયન પ્રીમિયર લીગ – IPL ટી-20 ક્રિકેટમાં આજે ગુજરાત જાયન્ટ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મુકાબલો થશે. ન્યૂ ચંદીગઢમાં મહારાજા યાદવિન્દ્ર સિંઘ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમમાં સાંજે સાડા સાત વાગ્યે મેચ શરૂ થશે. ગુજરાતની ટીમ શુબમન ગિલ અને પંજાબની ટીમ શ્રેયસ અય્યરની આગેવાની હેઠળ મેદાનમાં ઉતરશે.

ગઈકાલે આસામમાં રમાયેલી મેચમાં રાજસ્થાન રોયલ્સે ચેન્નઈ સુપર કિંગ્સને આઠ વિકેટથી હરાવ્યું. ચેન્નઈની ટીમ 19.4 ઑવરમાં 127 રન પર આઉટ થઈ. જવાબમાં રાજસ્થાન રોયલ્સે 12.1 ઑવરમાં બે વિકેટ ગુમાવી 128 રન કરીને મેચ જીતી લીધી.

# KHET TALAVADI

રાજ્યના ખેડૂતોએ ખેત તલાવડીમાં સરકારી ખર્ચે જીઓ-મેમ્બ્રેન એટલે કે, પાણીના પ્રવાહના લિકેજને રોકવાના લાઈનર નખાવવા આગામી 15 મે સુધી ઑનલાઈન અરજી કરવી પડશે. સત્તાવાર યાદી મુજબ, લાભ લેવા માંગતા ખેડૂતોએ G-TALAVADI.GUJARAT.GOV.IN પર અરજી કરવાની રહેશે. આ અભિગમથી ચોમાસા દરમિયાન વરસાદી પાણીનો કાર્યક્ષમ સંગ્રહ થઈ શકશે.

લાંબા ગાળે ભૂગર્ભજળના સ્તર ઊંચા લાવવામાં અત્યંત મદદરૂપ સાબિત થનારી આ યોજનામાં તમામ જિલ્લાઓનો સમાવેશ કરાયો હોવાનું સિંચાઇ વિભાગની યાદીમાં જણાવાયું છે.

## PANCHMAHAL UDVAHAN YOJANA

પંચમહાલમાં પૂર્વ પટ્ટી ઉદવહન સિંચાઈ યોજનાથી ખેડૂતોને ઘણો લાભ થયો છે. 315 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલી આ યોજના અંતર્ગત પાનમ જળાશયમાંથી પાણીને ઉપર પહોંચાડી શહેરા, ગોધરા, કાલોલ અને ઘોઘંબા તાલુકાના વિસ્તારોમાં પહોંચાડવામાં આવી રહ્યું છે.

આ યોજનાથી કુલ 79 ગામના 130 તળાવ ભરાતા આશરે 86 હજાર એકર જમીનને સિંચાઇનો લાભ મળશે. તેમજ ઉનાળામાં પાણીની ઉપલબ્ધતા વધતા ખેડૂતો અને પશુપાલકોને રાહત મળશે. આ યોજનાથી ભૂગર્ભ જળસ્તર પણ ઊંચું આવશે અને ખેડૂતો આર્થિક રીતે વધુ સક્ષમ બનશે.

--------------------------------